

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




અવનવી યોજનામાં ફસતા રહો એજ શુભેચ્છા
ખોટા હીરા-નેતાઓને કસતા રહો એજ શુભેચ્છા
'ઘર'નાં ફોર્મ ભરીને વસતા રહો એજ શુભેચ્છા
આ પરિસ્થિતિમાં પણ હસતા રહો એજ શુભેચ્છા
(દિવાળીની શુભેચ્છા)




સારા દિવસો,
આવશે એ આશામાં-
કરો દિવડા..

પ્રચાર યુદ્ધે
થયો છે અશ્વમેઘ-
આવી દિવાળી..

## ચિંતન

**કબીર ખેત કિસાન કા, મિરગન ખાયા ઝારિ ।**
**ખેત બિચારા કયા કરે, ધની કરૈ નહિ વારિ ।।**

આપણને ઈશ્વરે સાધન માટે-પવિત્ર હેતુ માટે શરીર આપ્યું છે એ શરીરનું આરોગ્ય-તંદુરસ્તી સચવાય, સ્વચ્છ રહે, નિરોગી રહે એના માટે વ્યકિત એ જાતે જ તેની સંભાળ રાખવી જોઈએ-અનિયમિતપણું તેલ-ખાંડ જેવી વસ્તુ-ફાટફૂડ-જંક ફૂડ મોડી રાત્રે પાર્ટીઓ-વ્યસનોથી શરીર અને આરોગ્યને નૂકશાન ન પહોંચાડવું જોઈએ. અમૂક નિયંત્રણ-સંયમ-સુટેવ રૂપી બંધન-વાડ બનાવવી જોઈએ.

કબીરજી દૃષ્ટાંત આપતાં કહે છે કે ખેડૂતનું ઉભા પાકનું ખેતર મૃગલાં આવીને ખાઈ જાય પાક ખેદાન મેદાન થઈ જાય એમાં ખેતરનો શું વાંક? ખડૂતે પહેલેથી વાડ બનાવવી જોઈએ ને?

શરીર રૂપી ખેતરનું આરોગ્ય-આયુષ્ય રોગથી ખેદાન-મેદાન થી જાય 'ફાઈવસ્ટાર' દવાખાનામાં દાખલ થઈ લાખો-કરોડોના ઉપચાર કરવા પડે એમાં શરીરનો શું વાંક? માણસે પહેલાંથી કડક આરોગ્યના, સાદાઈ, નિયમો-કસરતોના નિયમોની વાડ બનાવી જોઈએ ને? નહીં તો રોગા રૂપ મૃગલાં શરીરને ખેદાન મેદાન કરી જ નાખે ને?

## સુવિચાર

- પુરૂષાર્થી લલાટે જે રીતે પ્રસ્વેદ પાડે છે, ઘણા પ્રારબ્ધને જળ છાંટીને એમ જ જગાડે છે **- નવનિત**
- માણસ વાંચે છે ત્યારે તે જીવન સાગરમાં તરવા માટે ઉપયોગી નૌક બનાવતો હોય છે. જેવું જેનું વાંચન તેવી તેની નૌકા **- હરીન્દ્ર દવે**
- વાગ શકિત કોઈ પણ માણસને સત્ય જ્ઞાન વગર બોલવાની ફરજ પાડતી નથી પણ વાગદેવી કહે છે કે 'મારી પાસે આવતા પહેલા સત્યની પ્રાપ્તિ કરો અને પછી જ મારી આરાધના કરો' **- એસ. ભટ્ટાચાર્ય**
- દરેક બાબતની મૂળ બાબતોનું અજ્ઞાન હોવા છતાં પોતાને તેનું જ્ઞાન છે તેમ માની લઈને ચાલનાર વ્યકિત કયાંય પણ પહોંચતો નથી, તેના કોયડા વણ ઉકેલ્યા જ રહે છે **- ધર્મસુત્ર**
- પારકાના અભિપ્રાયને સ્વીકારી લેતો માનવી રસ્તો શોધતા આંધળા માનવી જેવો છે. જેનું પોતાને જ્ઞાન નથી તે વિષે ખાતરીથી બોલવાનો કોઈને અધિકાર ન હોઈ શકે **- મુનિ જિનચંદ્ર**
- અંતરના ઉમળકાને ઉન્માદ કહેવો હોય તો ભલે કહો, માણસના હિત ખાતર આપેલો આવો ખરો ઉમળકો એ ઈશ્વરની ઉત્તમ બક્ષિસ છે **- જન કલ્યાણ**
- પાંડિત્ય પુસ્તક વાંચવામાં છે, પુસ્તક સંગ્રહમાં નથી, શૌર્ય તલવાર વાપરવામાં છે કેડે લટકાવવામાં નથી **- કાકા કાલેલકર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

કથા સત્સંગના સંદર્ભમાં મોરારી બાપુ દૃષ્ટાંત આપતાં કહે છે ઘાસની ગંજીની આગ તો ઓલવી ન શકાય પણ ખેડૂત જે ચાર-પાંચ પૂડા બચે તો બચાવવા પ્રયત્ન કરે. આતંકના ભયાનક ભરડામાંથી સમજુતિ-વાર્તાલાપથી જે કંઈ-કોઈને બચાવી શકાય તો સારું.

વહેલી સવારે સમુદ્ર કાંઠે ભરતી વખતે આવેલાં પાણીમાં હજારો સ્ટારફીશ કાંઠે આવી જાય અને ઓટના વળતાં પાણીમાં માછલી ત્યાં જ રહી જાય તરફડે અને મૃત્યુ પામે...

એક વૃદ્ધ સવારે ટહેલવા નિકળ્યો હતો. એક આશાવાદી યુવાન ખોબામાં પાણી લઈ ફીશને એમાં નાખી દરિયાના પાણીમાં નાખી આવતો હતો-માછલીને જીવન મળી જતું-આમ દોડા દોડી કરતો જ હતો-વૃદ્ધે એને કહ્યું-ભાઈ! આ કાંઠા પર આવી હજારો માછલી પડી છે થોડો સમય તરફડી મરી જ જવાની છે તારી આ દોડાદોડીથી શું ફેર પડી જવાનો છે?

યુવાન કહે-દાદા મને તો કોઈ ફેર નહીં પડે પણ જે બે-પાંચને મેં બચાવી એને તો નવજીવનનો ફેર પડી ગયો ને? (હતાશ થઈ બેસી રહેવાનો કોઈ અર્થ નથી.)

Email - sureshchandrabhatt18@gmail.com

# અંતરમાં જયોત જગાવી અજવાળાં કરતી આવી દિવાળી....

આમ તો આખાય વર્ષ દરમિયાન અનેક તહેવારો આવે છે અને જાય છે. દરેક તહેવારોનું આગવું વિશિષ્ટ મહત્વ હોય છે. પરંતુ દિવાળીનો તહેવાર બધા તહેવારોથી ભિન્ન છે. આ તહેવાર એવો છે કે જેની નાનાથી માંડીને વૃદ્ધો સુધી સૌને આનંદ, ઉમંગ અને હોંશ હોય છે.

દિવાળી છે પ્રકાશનું પર્વ. અંધકાર પર પ્રકાશના વિજયનું પર્વ છે. આ વિજયને પ્રતિકાત્મક રીતે હર ક્ષણે આ તહેવારમાં કરાય છે. આ તહેવાર સાથે સંકળાયેલા પ્રતીકોને સમજવા પણ એટલાં જ જરુરી છે કારણ કે પ્રતીકો એ આપણી સંસ્કૃતિનાં સૂત્રો છે. પ્રતીકમાં ભાવનાની ભવ્ય મહેંક છુપાયેલી હોય છે જેમ એક નાનકડા બીજમાંથી મોટું વૃક્ષ આકાર પામે છે એમ એક નાનકડા પ્રતીકનું મહત્વ પણ અમૂલ્ય હોય છે. પ્રતીક એટલે ભાષાના અભાવમાં ભાવને વ્યકત કરવાની કલા. ટૂંકમાં ગાગરમાં સાગરને સમાવવાની શકિત

સંસ્કૃતિનાં પ્રતિકો...

● દીવડાં : ઘર ઘર દીવડાં પ્રગટાવો...દીવા વગરની દિવાળી શું સંભવ હોય ખરા? દિવાળી આવે ને દીવડા લાવે એ જેટલું સત્ય છે, એટલી જ હકીકત એ છે કે દીવડાના ઝગમગાટથી જ દિવાળી દીપી ઉઠે છે. કોઈ પણ તહેવારમાં પરંપરાનું ખાસ મહત્વ હોય છે જો યુગોથી દિવાળીના તહેવારમાં આપણે દીવાઓ પ્રગટાવતા હોઈએ તો તેની પાછળ કોઈ ગર્ભિત અર્થ છુપાયેલો હોય છે જ. દિવાળીમાં દીવડાં એ માત્ર અજવાળું મેળવવાનું સાધન નથી પરંતુ માનસિક તેમજ ભૌતિક વાતાવરણમાં જ્ઞાન પવિત્રતા અને અધ્યાત્મતા લાવવાનું માધ્યમ છે. દીવડાંએ માત્ર પ્રકાશ કે સુશોભનનો વિષય નથી, પણ સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતીક છે. દીપ જયોતિને પરમ તત્વનું પ્રતિક માની તેને વંદન કરવામાં આવે છે. આ જયોતિ પ્રગટાવતા દીવડાઓને ગમે ત્યાં ન મૂકતાં યોગ્ય સ્થાને મુકાય એ પણ એટલું જ જરુરી છે. દિવાળી પ્રકાશનો તહેવાર હોવાથી લક્ષ્મી દેવીને આવકારવા માટે દીવડાની સ્થાપના થતી હોય છે. મહેમાનને એ જ વસ્તુ/વ્યકિત આવકારી શકે કે જે મહેમાનની નજરે સરળતાથી ચડે. દીવડાનું સ્થાન પણ કંઈક અંશે એવું જ હોવું જોઈએ. બહારથી આવનારને મકાનના આંગણાં કે બહારના ભાગેથી સ્પષ્ટ દેખાય.




દીવડાં સનાતન સંસ્કૃતિમાં પ્રતિકાત્મક રીતે આગવું સ્થાન ધરાવે છે, તેથી તેનું સ્થાન પણ એવી જગ્યાએ નિર્ધારિત હોવુ જોઈએ કે જેથી તેની આધ્યાત્મિક ભવ્યતા જળવાઈ રહે. દીવડાં અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી આત્માને અજવાળવાનું પ્રતીક છે. એક જ દીવો હજારો દીવા પ્રગટાવી શકે છે. એક જ જ્ઞાની માણસ પણ કેટકેટલા માણસને જ્ઞાન આપી શકે છે. દીવો જીવનને પ્રકાશમય બનાવવાની પ્રેરણા આપે છે. જાતે જલીને જગતને અજવાળવાનો તે આપણને સંદેશો આપે છે.

● રંગોળી : આલેખન એટલે કે રેખાઓથી આકૃતિઓ ઉપસાવવીએટલે જ રંગોળી. રંગોળી એ પ્રાચીન કલા અને માનવ સભ્યતાના પ્રતીક સમી યુગોથી ચાલી આવતી પ્રથા છે. દિવાળીના શુભ અવસરે આંગણામાં રંગોળી કરી ભારતીય નારી પોતાના મનની ઉર્મિઓ અને અભિલાષાને વ્યકત કરે છે.


## પ્રાસંગિક

- પદ્મા મિસ્ત્રી

આપણી સંસ્કૃતિમાં ચોખાને અક્ષત અને ગાયના છાણને પવિત્ર માનવામાં આવે છે તેથી ચોખાના લોટથી તથા ગાયના છાણથી લીપાયેલા ઓટલા પર રંગોળી બનાવવામાં આવે છે. રંગોળીમાં ઓમ, સાથિયા, દીવડાં જેવા પ્રતીકો તથા ભૌમિતિક આકારો આલેખાય છે. આમ રંગોળી એ પવિત્ર વસ્તુઓ કે આકૃતિઓનો સમૂહ હોવાથી ઘરના આંગણામાં પવિત્રતાનું વાતાવરણ સર્જાય છે. તેમાં દોરવામાં આવતા આકારોનો પણ પ્રતીકાત્મક રીતે કંઈકને કંઈક અર્થ હોય છે. જેમ કે રંગોળીમાં કરાતાં ટપકાં એ 'બીજ' દર્શાવે છે. જે માતૃત્વ અને સંસારની પુનર્રચના પ્રતિબિંબિત કરે છે. બિંદુ એ કેન્દ્ર પણ છે. જેમાંથી બધાનું સર્જન થયું. વર્તુળ એ પૂર્ણતાનું પ્રતિક દર્શાવે છે. રંગોળીમાં આલેખાતી સાંકળ જેવી આકૃતિ સહકાર અને સંપની ભાવના દર્શાવે છે. પ્રાચીન શાસ્ત્ર મુજબ રંગોળીના દરેક અવયવોમાં દેવોનો વાસ હોય છે.

રંગોળીનું સુંદર અને કલાત્મક સોંદર્ય સમગ્ર ભારત વર્ષમાં અલગ અલગ રીતે જોવા મળે છે અને તેને અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે. રાજસ્થાનમાં રંગોળી 'માંડણા'ના નામે ઓળખાય છે જયારે દક્ષિણ ભારતમાં 'કોળમ' અને બિહારમાં 'એરિપ' તથા બંગાળમાં રંગોળીને 'અલ્પના' તરીકે તથા ઉત્તર ભારતમાં 'ચોકપુરના' નામે ઓળખાય છે નામ ગમે તે હોય પરંતુ રંગોળી પ્રત્યેક પ્રાંતની પરંપરામાં વણાયેલી છે. આપણે પણ કલાનો આ વારસો ચાલુ રાખીને સંસ્કૃતિનું સંવર્ધન કરવું જ રહ્યું.

● સાથિયો : સાથિયો કે સ્વસ્તિક એ ભારતીય સંસ્કૃતિનું અજોડ પ્રતીક છે. સુ+અસ ધાતુમાંથી બનેલો આ સ્વસ્તિક 'શુભ થાઓ' એવી કલ્યાણની ભાવના વ્યકત કરે છે. હિન્દુ ધર્મમાં પૂજા વિધિ કે કોઈ પણ મંગળ કાર્યની શરૂઆતમાં સાથિયો દોરવામાં આવે છે. કહેવાય છે કે પુરાણકાળમાં શુભ તત્વોનું અશુભ તત્ત્વોથી રક્ષણ મેળવવા ભૌમિતિક આકારોથી યંત્ર તૈયાર કરવામાં આવતા અને તેમાંથી સાથિયાનો જન્મ થયો. ભારતીય સંસ્કૃતિમાં આંગણે પધારેલ મહેમાનને 'અતિથિ દેવો ભવ' કહીને તેમનું મહત્વ ભગવાન જેવું ગણવામાં આવે છે. તેમનું સ્વાગત પણ તેમના માન મોભાને અનુરૂપ થવું જ જોઈએ. આપણા વડીલોએ સ્વાગતના એક ભાગરૂપે શોધી કાઢેલો આ એક સાત્વિક રસ્તો છે અને તે છે આંગણે શોભતો સાથિયો. હિન્દુ ઘરોના ઉંબરામાં જ સાથિયો દોરેલો હોય છે અને તેની રોજ પૂજા કરવામાં આવે છે. તેથી સાથિયો માત્ર દિવાળીમાં જ દોરાય કે પૂજાય એવું નથી વિશાળ દિલ જેવી નિશાની જેવા આ સાથિયાનો અર્થ એવો થાય છે કે દશેય દિશાઓમાંથી રક્ષણ અને કલ્યાણ થાઓ. નવું વર્ષ સૌભાગ્ય સંપન્ન માંગલિક તથા સમૃધ્ધ બનો એવી ભાવના એમાંથી વ્યકત થાય છે.



● ઉંબરાપૂજન : પ્રાચીન સમયમાં દરેક મકાનમાં ઉંબરો હોય છે જ એને તેની પૂજા રોજ કરવામાં આવે છે. ભાગ્યે એવો કોઈ ઉંબરો હશે કે જે પૂજાયા વિનાનો રહ્યો હોય. ઉંબરપૂજન પાછળ પણ વિશિષ્ટ પ્રકારનો સાંસ્કૃતિક ભાવ રહેલો છે. ઉંબરાનો સીધો અર્થ થાય છે મર્યાદા કે લક્ષ્મણ રેખા. ઉંબરો ઘરની આબરૂની રક્ષા કરે છે તે એક વડીલની ગરજ સારે છે. જીવનમાં વિચાર, વાણી, વૃત્તિ અને વર્તનની મર્યાદાનો સ્વીકાર હોવો જોઈએ એવી તે શીખ આપે છે. ઘરની કોઈ પણ વ્યકિત ઘરની બહાર પગ મૂકે ત્યારે તે પોતાના આંતરમનને પ્રશ્ન પૂછે છે કે તે વ્યકિત કયાંય મર્યાદાનું ઉલ્લંઘન કરવા તો નથી જતી ને? ઉંબરો એવી શીખ આપે છે કે કયાંય મર્યાદાનો ભંગ ના થાય તેનું હંમેશા ધ્યાન રાખજે ઘરની વ્યકિતને ખોટા કામ કરવા જતાં અટકાવી તેને રોકે છે. દિવાળીમાં ઉંબરપૂજન કરી સાથિયો દોરી આપણે પ્રાર્થના કરવી જોઈએ કે અલક્ષ્મીનું નહિ પણ લક્ષ્મીનું પૂજન થાઓ, અને પોતાનું ઘર સેતાનને બદલે સંતનું ઘર હો. ચારિત્ર્યના રક્ષણ કરનાર, લક્ષ્મણ રેખાના દર્શક અને મર્યાદા પાલનને પ્રેરક એવા ઉંબરાને નમસ્કાર.

● તોરણ : આસોપાલવના તોરણને પવિત્ર અને શુકનિયાળ માનવામાં આવે છે. આસોપાલવના લીલા પાંદડાના તોરણ દ્વારા એવો સંદેશો આપવામાં આવતો હોય છે કે જિંદગીમાં પણ હંમેશા હરિયાળી પથરાઈ રહે. આસોપાલવના આ લીલા તોરણને દરવાજામાં બાંધી એવી પવિત્ર ભાવના રખાય છે કે લક્ષ્મીદેવીનું ઘરમાં સ્વાગત થાય અને તેમાં 'અતિથિ દેવો ભવ'ની ભાવના પણ રહેલી છે.



જે રીતે દિવાળીના આ પ્રકાશના તહેવારમાં આ પ્રમાણેના પાંચ પ્રતીકોના માધ્યમથી દિવાળીનું મહત્વ આંકવામાં આવ્યું છે તેવી જ રીતે દિપાવલીના ઉત્સવના પાંચ દિવસોનું પણ એટલું જ મહત્વ રહ્યું છે. બીજા તહેવારો એક યા બે દિવસના હોય છે તેથી તેને તહેવાર કે ઉત્સવ તરીકે ઓળખવામાં આવે છે પરંતુ દિવાળી એ તો પાંચ દિવસોનો તહેવાર હોવાથી તે માત્ર ઉત્સવ જ નથી, પરંતુ ઉત્સવોનો પુંજ છે.

● ધનતેરસ : ધનતેરસ એટલે ધનની દેવી લક્ષ્મી પૂજનનો દિવસ. ભારતીય સંસ્કૃતિમાં લક્ષ્મીદેવીની સુખ, સમૃધ્ધિ અને શાંતિની દેવી તરીકે ગણના થાયછે. આપણને નાનપણથી સંસ્કારમાં એવું શીખવવામાં આવ્યું છે કે જે ઘરનું આગણું અને ઘર ચોખ્ખું તથા સ્વચ્છ હોય ત્યાં જ લક્ષ્મીદેવી પધારે છે. આપણા આ સંસ્કારને આધારે આપણે પણ દિવાળી આવતાં જ ઘરની સાફ સફાઈ કરી પ્રસન્ન હૃદયે મા લક્ષ્મીને આવકારવા સુસજજ બનીએ છીએ.

● કાળી ચૌદશ : કાળી ચૌદશ ને નરકચતુર્દશી તરીકે પણ ઓળખવામાં આવેછે. શ્રીકૃષ્ણએ આ દિવસે નરકાસુર રાક્ષસનો વધ કર્યો હોવાથી લોકો દીપ પ્રગટાવી અંધકારભરી રાતને અજવાળાથી ભરી દઈ શેતાનના ત્રાસમાંથી મુકત થયાની ખુશી મનાવે છે. આપણે તેને કાળી ચૌદશ તરીકે ઓળખીએ છીએ.

● દિવાળી : દિવાળી એ પ્રકાશનું પર્વ છે. અંધકાર પર રોશનીની જીતને મનાવવાનું પર્વ. દિવાળીના દિવસે ચોપડાપૂજન પણ કરવામાં આવે છે. તે દિવસે સર્વ લોકો ઉંબરામાં સ્વસ્તિકની પૂજા કરી આંગણામાં રંગોળી પૂરી દરવાજામાં લીલા આસોપાલવના તોરણ બાંધી અને દીવા સળગાવવામાં આવે છે. આપણને દરેક ઘરોમાં અને ઘરોની બહાર તારલાઓની જેમ ટમટમતા દીવાઓ જોવા મળે છે. આ દીવાઓની જયોત જાણે આપણા દિલોમાં પણ પ્રેમભાવનાની જયોત જલાવે છે. દિવાળીના દિવસે મહાલક્ષ્મી નું પૂજન કરવામાં આવે છે.

● બેસતું વર્ષ : બેસતા વર્ષને બલિ પ્રતિપદા તરીકે ઓળખવામાં આવે છે. વૈદિક વિચારોની અપેક્ષા કરી વર્ણાશ્રમ વ્યવસ્થાનું ઉલ્લંઘન કરનાર બલિને વામને આ દિવસે પરાજિત કર્યો હોવાથી તેની સ્મૃતિમાં આ દિવસે ઉત્સવ મનાવવામાં આવે છે. આ દિવસે સર્વ એ વેર ઝેર ભૂલી જઈ આનંદ અને ઉલ્લાસ સાથે એકબીજાને મળી નવા વર્ષની શુભકામનાઓ પાઠવવી જોઈએ.

● ભાઈબીજ : ભાઈ અને બહેનની વચ્ચેના પવિત્ર પ્રેમ અને ભાવનાનો દિવસ એટલે ભાઈબીજ. સમસ્ત સ્ત્રી જાતિ પ્રત્યે બહેન કે મા જેવી દૃષ્ટિએ જોવાની શીખ આપે છે.

દેહશુધ્ધિ જેટલી જ મનની શુધ્ધિની પણ દરેકને જરૂર છે. દરેક પર્વ એક નવો વિચાર, એક નવી પ્રેરણા લઈને આવે છે. નવું વર્ષ એટેલ શુભ સંકલ્પનો દિવસ. આપણે પણ નવા વર્ષમાં સંકલ્પ કરીએ કે મનમાંથી ઈર્ષા, આડંબર, અહમનો ત્યાગ કરીશું અને સર્વ પ્રત્યે બંધુત્વની ભાવના પ્રગટ કરીશું, સર્વ સાથે મળી આનંદ અને ઉલ્લાસના આ તહેવારને આવકારીએ અને ઉજવીએ.

# દિવાળી એટલે દીવડાઓનું પર્વ, પ્રકાશનું પર્વ, આ દીવડાઓ દ્વારા ફેલાતો પ્રકાશ સ્થૂળ અર્થમાં ભલે અંધકારને દૂર કરતો હોય, પરંતુ સૂક્ષ્મ રીતે જોઈએ તો દીવડાઓ એ સકારાત્મક વિચારોના નાના-નાના બિંદુઓ છે અને અંધકાર એ આપણા માનસમાં પ્રસરેલા કુવિચારો, વિભાવો, દૂર્ગુણો છે

## પૂર્ણ પ્રકાશનું પર્વ : દિવાળી



### મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આપણા ઉત્સવો આપણી સંસ્કૃતિના સંવાહકો છે. આપણો ગુજરાતી સમાજ ઉત્સવ પ્રિય છે. પ્રત્યેક ઉત્સવને એક નવું રૂપ નવી ઓળખ આપીને એને ઉજવે છે.

વર્ષનો છેલ્લો દિવસ એટલે દિવાળી. ઘેર-ઘેર નાના-નાના દીવડાઓ થાય અને અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો સામૂહિક ઉત્સવ ઉજવાય. દિવાળી એટલે દીવડાઓનું પર્વ, પ્રકાશનું પર્વ, આ દીવડાઓ દ્વારા ફેલાતો પ્રકાશ સ્થૂળ અર્થમાં ભલે અંધકારને દૂર કરતો હોય. પરંતુ સૂક્ષ્મ રીતે જોઈએ તો દીવડાઓ એ સકારાત્મક વિચારોના નાના-નાના બિંદુઓ છે અને અંધકાર એ આપણા માનસમાં પ્રસરેલા કુવિચારો, વિભાવો, દૂર્ગુણો છે.

દિવાળી આમ જોઈએ તો આપણો અત્યંત પ્રાચીન લોકોત્સવ છે. પ્રારંભિક ઋતુ ઉત્સવ તરીકે ઓળખાતો આ ઉત્સવ કાળક્રમે-લોકોત્સવનું રૂપ ધારણ કરતો ગયો. આ ઉત્સવમાં લક્ષ્મી, શક્તિ અને સરસ્વતી એ ત્રણેય દેવીની આરાધના-ઉપાસના કરવાનું માહાત્મ્ય છે...

ચાર દિવસના આ ઉત્સવમાં ધનતેરસે લોકો 'લક્ષ્મી'ની પૂજા કરે છે. વેપારીઓ નામાના ચોપડાની પૂજા કરે છે. જ્યારે ખેડૂતો ગાયોના ધણની પૂજા કરે છે.

કાળીચૌદસ તંત્ર-મંત્ર અને સાધના કરવાનો દિવસ તથા રાત છે. આ દિવસની રાત્રીએ મેલી વિદ્યા અને અગોચર દુનિયાના અનુભવો મેળવવા ભુવાઓ, તાંત્રિકો સ્મશાનમાં જઈને ગેબી સાધના કરે છે. અને દિવાળીની સવાર અને સાંજ ઘેર ઘેર દીવડાઓ ઝગમગી ઊઠે છે. આજે આધુનિક યુગમાં પણ ઘેર ઘેર નાની-નાની લાઈટો દ્વારા પણ રોશની કરીને આ પરંપરા જાળવવામાં આવી છે. એક તરફ ઘેરી કાળી-ભમ્મર રાત-ઘનઘોર અંધારું અને બીજી તરફ પ્રત્યેક ઘરમાં દીવડાઓનો પ્રકાશ. સાચા અર્થમાં જોઈએ તો આ પર્વ પણ અંધકાર ઉપર પ્રકાશના વિજયનો, અસત્ય ઉપર સત્યના વિજયનો પર્વ છે. જાત-જાતના ફટાકડાઓ ફોડવા, કાળા આકાશમાં રોશનીથી ભરેલાં સળગતાં વિમાનો ઊડાવીને આકાશને રંગબેરંગી રોશનીથી ઝગમગતું કરવાનો આનંદ અનેરો હોય છે. આખું આખું વર્ષ મહેનત-મજૂરી કરતો માનવી પણ આ દિવસે પોતાના હૃદયમાં અનેક આશાના દીવડાઓ પ્રગટાવીને આ દિવાળીના ઉત્સવને માણે છે. દિવાળીના ઉત્સવનો વૈજ્ઞાનિક રીતે એ ફાયદો છે કે ફટાકડાના ધુમાડાથી હવામાં-વાતાવરણમાં - વૃક્ષોમાં રહેલી ઝીણી જીવાત નાશ પામે છે. ચોમાસાના અંતિમ દિવસો હોવાથી ભેજવાળા વાતાવરણમાં પણ આ દિવસથી પલટો આવે છે અને પછી આરંભાય છે નવું વર્ષ... નૂતનવર્ષ... હેપ્પી ન્યુયર...! આ બેસતું વર્ષ એટલે કારતક મહિનાનો આરંભ... પ્રથમ દિવસ..નવું વર્ષ, નવી ક્ષણો, નવા સપનાં, નવી ઈચ્છા, નવા વિચાર, નવો સૂર્ય, નવી રોશની, નવો ઉન્માદ, નવી ચેતના, નવી સંવેદના, નવા સંબંધોનું હાસ્ય.. ઘણું બધું નવું લઈને આવે છે આ નવું વર્ષ...



જેવી રીતે દિવાળી અગાઉ આપણે આપણા ઘરને સાફસૂફ કરીએ છીએ. ધૂ-બાવા પાડીએ છીએ. ઘરનો બધો જ સરસામાન ચોખ્ખો કરીને ગોઠવીએ છીએ. તેવી રીતે નવા વર્ષે પણ આપણે આપણા માનસમાં ઉત્પન્ન થયેલા અવગુણો, કુવિચારો અને પૂર્વગ્રહો દૂર કરીને સ્વચ્છ, શુદ્ધ અને નિર્મળ મન બનાવવાનો, શુભારંભ કરવાનો પર્વ છે. આપણી ખરાબ આદતો, વ્યસનો અને દૂર્બળતાઓમાંથી મૂક્ત થવાનો આ દિવસ છે, નવી શક્તિ-નવી ચેતના પ્રગટાવવાનો આ નવો દિવસ છે. આપણી ભુલો, દોષ-મર્યાદાઓને સ્વીકારીને એ આ વર્ષે ફરીથી ન થાય એવો દઢ સંકલ્પ કરવાના આ દિવસે આપણે ધારીએ તો આપણા પુરા વ્યક્તિત્વને નવા સ્વરૂપે નિખારી શકીએ છીએ - નવા ભવિષ્યને જોવાની આ નવી ક્ષણોમાં મૈત્રીનો ઉદ્ભવ, આપણા સંબંધોની ભીનાશ સુવાસિત બને અને આપણે પરસ્પર પ્રેમ-લાગણી-સ્નેહથી પરાજિત થઈને જીવનની અસંખ્ય ક્ષણોને યાદગાર કરીએ-મહેકાવીએ.

બેસતું-નવું વર્ષ એ પોતાની જ ભૂલો પોતાની જ જાત પાસે કબૂલવાનો દિવસ છે. આખા વર્ષનું મનોમંથન કરીને, સરવૈયું કાઢીને એ આવતા વર્ષે એવું ન બને એનું ધ્યાન રાખવાનો આ દિવસ છે, નવા સપનાઓ સિદ્ધ કરવા, નવા સંકલ્પો લેવાની આ ક્ષણો છે. નવી સંવેદનાઓ સાથે નવા વર્ષે આપણે એકબીજાને પ્રેમ-હૂંફ-મૈત્રી-સન્માન અને હૃદયની કેટલીક સાચી સંવેદનાઓ આપીએ અને ઊગતા પ્રભાત જેવી કોમળ ક્ષણોની સુખદ અનુભૂતિ આપણે કરી શકીએ એવી ઈશ્વરને સાચા દિલથી પ્રાર્થના કરીએ.

નવા વર્ષે પ્રગટેલાં દીવાઓ અને પથરાયેલો ઉજાસ એ ખરેખર આપણા હૃદયના પ્રકાશનું પ્રતીક છે. આપણે ભલે સમગ્ર અંધકારને દૂર ન કરી શકીએ પણ નાના-નાના દીવડાઓ દ્વારા પ્રકાશ પાથરીને ઘરમાં, ફળિયામાં, શેરીમાં, ચોકમાં કે કોઈના જીવનમાં ઉજાસ ફેલાવી શકીએ છીએ. એક નાનકડો દીવો આપણને ઘણું બધું શીખવી જાય છે એને સમજવાની સૂક્ષ્મ દષ્ટિ કેળવવાની જરૂર છે.

નવા વર્ષે આપણે ત્યાં વહેલી સવારે ઘરના આંગણે ચિતરાતી રંગોળી અને એમાં પુરાતા વિવિધ રંગો એ પણ માનવ જાતનું પ્રતીક બની રહે છે, એમાં પુરાયેલા વિવિધ રંગો અને રેખાઓનું સાયુજ્ય કૌટુંબિક ભાવનાને પ્રદર્શિત કરે છે. જુદાં જુદાં રંગો મળીને એક સરસ નયનરમ્ય રંગોળી બનાવે છે તેમ પરિવારના વિવિધ લોકો સાથે રહીને એક સરસ પરિવાર બનાવે છે. જો કે આજે ઘેર-ઘેર રંગોળી પુરવાની પ્રથા ધીમે ધીમે ભુંસાતી જાય છે અને પરિણામે સંયુક્ત કુટુંબની પ્રથા પણ તૂટતી ગઈ છે. આજે રંગોળીનાં રંગો વિખેરાય જાય તેમ એક પરિવારના તમામ સભ્યો વિખેરાઈ જવા લાગ્યા છે.

વહેલી સવારે રંગોળી પૂર્યા પછી સૌ કોઈ તદ્દન નવા કપડાં પહેરીને તૈયાર થઈને એકબીજાને ઘેર જઈને 'નૂતન વર્ષાભિનંદન' 'હેપ્પી ન્યૂ યર' કહે છે, હાથ મિલાવે છે. એકબીજાને ભેટે છે. અને સંબંધોને તાજા બનાવે છે. તો વળી આ તહેવારમાં નવા વર્ષે દીપોત્સવી કાર્ડ લખીને પણ સંબંધોને રિન્યુ કરવામાં આવે છે. પરંતુ હવે આ બધુ ભૂલાતું જાય છે. આજે ઈન્ટરનેટના યુગમાં એસએમએસ, ઈ-મેઈલ અને ફેસબુકમાં ગ્રિટીંગ્સ કાર્ડ મોકલીને શુભેચ્છાઓ પાઠવી સંબંધોને રિન્યૂ કરી લઈએ છીએ.

ગુજરાતના આ શિરમ્હોર તહેવારના દિવસે મોટાભાગના અખબારો, મેગેઝિનો તથા સામયિકો વિવિધ પ્રકારના દીપોત્સવી વિશેષાંકો પ્રગટ કરીને નવા-નવા સાહિત્યકારોને પ્રોત્સાહિત કરે છે અને સમાજને સારું વાંચન પૂરું પાડે છે.

આમ આ નવા વર્ષનું ખૂબ જ મહત્વ છે... નવા વર્ષની નવી ક્ષણોમાં નવી મૈત્રીનો ઉદ્ભવ... આપણા સંબંધોની ભીનાશ સુવાસિત બને અને નવા વર્ષના નવા પ્રભાતે અસંખ્ય ક્ષણોના ખડકલામાંથી સાચું જીવન જીવી શકાય એવી એ...કા...દ.. ક્ષણ શોધીએ.

# જે રીતે આપણે દિવાળી નિમિત્તે મીણબત્તીઓ વગેરે પ્રગટાવીએ છીએ, એ જ રીતે આપણે ધ્યાન-અભ્યાસમાં બેસીએ અને પોતાના અંતરમાં પ્રભુની જ્યોતિના પ્રકાશનો અનુભવ કરીએ

## દિવાળીનું આધ્યાત્મિક પાસુ

### પ્રસંગસર


-સંત રાજિન્દર સિંહ જી મહારાજ

દિવાળી અને રોશનીના આ પર્વને દિવસે બધા લોકો દીવા, મીણબત્તી અને લેમ્પ વગેરેથી રોશની કરે છે. આ પર્વ પ્રભુ રામ અને સીતાના ૧૪ વર્ષના વનવાસ બાદ અયોધ્યામાં તેમના આગમન માટે મનાવવામાં આવે છે. ભારતમાં આ તહેવાર નિમિત્તે બધા લોકો પોતાના ઘરો અને દુકાનો વગેરેને સાફ કરીને સજાવે છે. તે શરદ ઋતુના આગમનનું પણ પ્રતીક છે. ખુશીઓના આ તહેવારને બધા લોકો મીઠાઈઓ વહેંચી અને હળીમળીને મનાવે છે.

રોશનીના પ્રતીક દિવાળીના તહેવારનું એક આધ્યાત્મિક પાસુ પણ છે જે આપણને સમજાવે છે કે આપણી અંદર પણ પ્રભુની જ્યોતિ વિદ્યમાન છે અને જેનો અનુભવ આપણે આપણા આત્મા દ્વારા કરી શકીએ છીએ.

આ પ્રત્યેક મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે કે તે પોતાના જીવનમાં જ પ્રભુની જ્યોતિનો અનુભવ કરે અને ફરીથી પિતા-પરમેશ્વરમાં જઈને લીન થઈ જાય અને આ ત્યારે જ શક્ય બને છે જ્યારે આપણા અંતરમાં પ્રભુને મેળવવા માટેની તલપ ઉત્પન્ન થાય. પિતા-પરમેશ્વરે જ્યારે આપણને આ સંસારમાં મોકલ્યા તો આપણી માટે પાછા જવાનો રસ્તો પણ બનાવ્યો. તેમણે દરેક વ્યક્તિને કેટલાક સ્વતંત્ર અધિકાર આપ્યા છે. જો આપણામાંથી કોઈ પણ તેમને એમ કહે કે આપણને આપણા ઘેર પાછા લઈ જાઓ તો તે આપણો આ પોકાર જરૂર સાંભળશે પણ આપણી આ પ્રાર્થના કોઈના દબાણ હેઠળ ન થવી જોઈએ.

જે રીતે જો કોઈ એક અમીર વ્યક્તિ પોતાની દોલતને વહેંચવા ઈચ્છે તો તે દરેકને દોલત નથી આપતો પણ તે રાહ જુએ છે અને જે લોકો તેની પાસે આ દોલત માંગે છે, તેને જ તે વહેંચે છે. જે રીતે એક ડોકટર માત્ર એ દર્દીને જ સાજો કરે છે, જે તેની પાસે પોતાની માંદગીને લઈને જાય છે અને તેને એ બિમારીને સારી કરવા માટે પ્રાર્થના કરે છે. એ જ રીતે પિતા-પરમેશ્વરની પાસે આપણા સૌ માટે રુહાની ખજાના છે. જો તે તેને પ્રદાન કરે જે તેને મેળવવાની ઈચ્છા જ ન રાખતા હોય તો તે કદાચ એ ખજાનાનો સ્વીકાર નહીં કરે અને તેના મહત્ત્વને જાણશે પણ નહીં કારણ કે તેમણે આ માટે ક્યારેય પ્રાર્થના કરી જ નથી. પિતા-પરમેશ્વર ત્યાં સુધી આપણી રાહ જુએ છે જ્યાં સુધી આપણે તેમની પાસે માંગણી કરતા નથી. એકવાર જો આપણી અંદર પ્રભુને મેળવવાની તલપ પેદા થઈ ગઈ તો તે ચોક્કસ તેને મેળવવા માટે આપણી મદદ કરશે.



માત્ર મનુષ્યના રૂપમાં જ આપણે પોતાના આત્માનો મેળાપ પરામાત્મામાં કરાવી શકીએ છીએ પણ કેટલાક જ એવા ખુશકિસ્મત લોકો હોય છે જે પોતાના જીવનમાં આ ઉદ્દેશને પૂરો કરે છે. આપણે સૌ પ્રભુ-પ્રેમની આ મસ્તીને મેળવી શકીએ છીએ. આવો, આપણે આ માનવ જીવનની સોનેરી તકને ગુમાવીએ નહીં અને પોતાનું ધ્યાન અંતર્મુખ કરી પ્રભુની જ્યોતિને પોતાની અંદર પ્રગટાવીએ. જે રીતે આપણે દિવાળી નિમિત્તે મીણબત્તીઓ વગેરે પ્રગટાવીએ છીએ, એ જ રીતે આપણે ધ્યાન-અભ્યાસમાં બેસીએ અને પોતાના અંતરમાં પ્રભુની જ્યોતિના પ્રકાશનો અનુભવ કરીએ.

પોતાના ધ્યાનને અંતર્મુખ કરવાની ધ્યાન-અભ્યાસની આ વિધિ ખૂબ જ સરળ છે, જેમાં આપણે આપણા શરીરને શાંત કરી, પોતાનું ધ્યાન બે આંખોની વચ્ચે 'શિવનેત્ર' પર એકાગ્ર કરી સાથે-સાથે પોતાના વિચારોને સુમિરન દ્વારા શાંત કરતા પોતાની અંદર પ્રભુની જ્યોતિને પ્રગટાવીએ છીએ, જેના દ્વારા આપણો આત્મા અંદરના રુહાની મંડળોમાં યાત્રા કરી પરમાત્મામાં લીન થઈ જાય છે.

આવો, દિવાળીના આ પાવન પર્વને માત્ર બહારી રૂપથી રોશન કરી આપણે તેનો આનંદ ન ઉઠાવીએ પણ રોજે આપણે ધ્યાન-અભ્યાસમાં સમય આપીએ જેથી આપણે આપણે અંતરમાં પ્રગટી રહેલી પ્રભુની જ્યોતિનો અનુભવ કરીએ અને રોજે દિવાળીના આ તહેવારને પોતાના અંતરમાં મનાવીએ તથા હંમેશને માટે સુખ-ચેન અને શાંતિ મેળવીએ.